# ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૬૫.૫૭ ટકા મતદાન

ગાંધીનગર, તા. ૨૪ ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ગઈકાલે યોજાયેલ મતદાનમાં ૬૫.૫૭ ટકા મતદાન નોંધાયુ છે જે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં થયેલ ૬૫ ટકા મતદાન કરતાં ૦.૫૭ ટકા વધુ નોંધાયુ છે.

સંસદીય મતવિસ્તારમાં સૌથી વધુ મતદાન આણંદ વિધાનસભા બેઠક પર નોંધાયુ છે જે ૭૧.૦૯ ટકા છે. જ્યારે સૌથી ઓછુ મતદાન ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયુ છે જે ૬૨.૩૯ ટકા છે.

સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ સાત વિધાનસભા મતવિસ્તારમાં કલોલમાં ૬૭.૪૫ ટકા, ઘાટલોડિયામાં ૬૭.૭૯ ટકા, વેજલપુરમાં ૬૩.૧૫ ટકા, નારણપુરામાં ૬૩.૬૦ ટકા અને સાબરમતીમાં ૬૩.૨૨ ટકા મતદાન નોંધાયુ છે.

આ સંસદીય મતવિસ્તારમાં નોંધાયેલ ૧૯,૪૫,૧૪૯ મતદારો પૈકી ૧૨,૭૫,૩૯૪ મતદારોએ મતદાન કર્યુ છે. જેમાં ૬,૮૯,૪૦૨ પુરૂષ અને ૫,૮૫,૯૮૫ સ્ત્રી મતદારોએ તો ૭ અન્ય જાતિના મતદારોએ મતદાન કર્યુ છે.

## ગાંધીનગર (ઉ) કરતાં નારણપુરામાં માત્ર ૧૨૦૫ મતદારોએ વધુ મતદાન કર્યુ

### શહેરના ત્રણ બુથમાં ૨૦૦ કરતાં ઓછા મત પડ્યા

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યમાં ૨૬ લોકસભા બેઠકોનું મતદાન સંપન્ન થયા બાદ આજે પંચે ગઈકાલના મતદાન અંગેના સત્તાવાર આંકડાઓ જાહેર કર્યા છે. ૧૯૬૩ પછી પહેલીવાર રાજ્યમાં વિક્રમી મતદાન નોંધાયુ છે. ગત વર્ષની તુલનામાં ૧ ટકા જેટલી વૃદ્ધિ થવા પામી છે.

**મતદાનનું વિશ્લેષણ**

- વિશ્લેષકોમાં ગાંધીનગર બેઠકને લઈ ચાલેલી ચર્ચાએ ભારે ચર્ચા જગાવી છે. નારણપુરા અને સાબરમતી વિધાનસભામાં થયેલ મતદાન કરતાં ઓછુ મતદાન થયું છે.
- ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી કરતા આ વખતે ૧,૪૬,૦૧૯ મત વધારે પડ્યા છે. મતદાનની ટકાવારી ૭૦ ટકા પહોંચાડવાનો લક્ષ્યાંક ભાજપે રાખ્યો હતો પરંતુ મતદાન ૬૫.૪૫ ટકા મતદાન નોંધાયુ છે.
- ગાંધીનગર (ઉ)માં ૧૭ બુથો પર ૫૦ ટકાથી ઓછુ મતદાન નોંધાયુ છે. જે ગાંધીનગર (ઉ)ના બુથ નં. ૨૧૪માં ૨૮.૮૩ ટકા છે. આ બુથ સેક્ટર-૨૮માં આવેલુ છે. થયેલ મતદાનના અંકોમાં સૌથી ઓછા મત ૧૨૮ પડ્યા છે જે સે. ૯નું મતદાન મથક છે.
- ગાંધીનગર શહેરના ૩ બુથોમાં ૨૦૦ કરતાં પણ ઓછા મત પડ્યા છે. જેમાં સે. ૨૮, સે. ૯ અને સે. ૧૭ના એક બુથનો સમાવેશ થાય છે.
- ગાંધીનગર બેઠકમાં સમાવિષ્ટ ગાંધીનગર (ઉ) બેઠકમાં ૧,૫૦,૬૨૩ મતદારોએ મતદાન કર્યુ છે. આ બેઠક પર વર્તમાન ધારાસભ્ય અને કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા રહે છે. જ્યારે નારણપુરામાં ભાજપના ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ રહે છે ત્યાં ૧,૫૧,૮૨૮ મતદારોએ મતદાન કર્યુ છે. આમ આ બન્ને મુખ્ય સ્પર્ધકોના વિસ્તારમાં જ ઓછુ મતદાન થયુ છે. ગાંધીનગર (ઉ) કરતાં નારણપુરામાં ૧૨૦૫ મતદારોએ મતદાન વધુ કર્યું છે.
- આ વિશ્લેષકોએ આ બે વિધાનસભા બેઠકોનું વધુ બારીકાઈથી વિશ્લેષણ કરતાં નોંધ્યું છે કે ગાંધીનગર (ઉ) બેઠક કરતાં નારણપુરામાં માત્ર ૧૦ પુરૂષ મતદારોએ વધુ મતદાન કર્યુ છે. જ્યારે ૧૧૯૫ સ્ત્રી મતદારોએ ગાંધીનગર કરતાં નારણપુરામાં વધુ મતદાન કર્યું છે.
- ગાંધીનગર બેઠક પર જે મતદાન નોંધાયુ છે તે સૌથી વધુ ચર્ચામાં છે. આ બેઠક પર ગાંધીનગર તાલુકાના જ ૬ ઉમેદવારો મેદાનમાં હતા.
- સાણંદ બેઠક પર ૭૧.૦૯ ટકા મતદાન નોંધાયુ છે જે અંકોએ સૌને ચોકાવ્યા છે. ઘાટલોડિયામાં ૬૭.૭૯ ટકા મતદાન નોંધાયુ છે.
- ઘાટલોડિયા બેઠકમાં ૧,૩૫,૫૮૦ પુરૂષ અને ૧,૧૯,૩૯૯ મહિલા મતદારોએ તો વેજલપુરમાં ૧,૧૬,૯૦૦ પુરૂષ અને ૧,૦૦,૭૦૩ મહિલા મતદારોએ મતદાન કર્યુ છે.
- ગાંધીનગર બેઠક પર ૬,૮૯,૪૦૨ પુરૂષ મતદારોએ અને ૫,૮૫,૯૮૫ મહિલા મતદારોએ તો ૭ અન્ય જાતિના મતદારોએ મતદાન કર્યુ છે.



## ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ઈવીએમ સેક્ટર-૧૫ કોલેજના સ્ટ્રોંગરૂમમાં સીલ

**સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવેલું પરિસર રાઉન્ડ ધ કલોક મોનીટરીંગ તથા રેકોર્ડીંગ થતાં ૩૯ સી.સી.ટી.વી. કેમેરાની નજર હેઠળ સમગ્ર પરિસરને રાઉન્ડ ધ કલોક સી.એ.પી.એફ. જવાનોનો અભય સુરક્ષા કવચ**






ગાંધીનગર, તા. ૨૪ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. મતદારોએ ઉત્સાહપૂર્ણ માહોલમાં મતદાન કર્યું હતું. આજે ૭ વિધાનસભા મતદાર વિભાગના ૧૯૭૫ મતદાન મથકોના ઈ.વી.એમ. મશીન અને વી.વીપેટના મશીન સ્ટ્રોંગ રૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારના ૩૫ મતદારોએ ઓળખ માટે મનરેગાનું જોબકાર્ડ રજુ કર્યું

ગાંધીનગર, તા. ૨૪ ગાંધીનગર ઉત્તર બેઠક પર બે મતદારોએ તેમની ઓળક માટે સાંસદ-ધારાસભ્યએ આપેલ ફોટા સાથેના કાર્ડ રજુ કરી મતદાન કર્યુ હતુ.

ગઈકાલે યોજાયેલ ચૂંટણીમાં મતદાન માટે મતદારોએ અલગ અલગ ઓળખ માટેના પુરાવા રજુ કર્યા હતા જે નોંધનીય છે. જોકે મોટાભાગના મતદારોએ ચૂંટણીકાર્ડ ઓળખના પુરાવા તરીકે રજુ કર્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર (ઉ) બેઠકમાં ૧,૩૪,૪૫૭ મતદારોએ ચૂંટણીકાર્ડ રજુ કરી પોતાની ઓળખ દર્શાવી હતી. ૧૨,૨૮૫ મતદારોએ આધારકાર્ડ ઓળખ માટે રજુ કર્યુ હતુ. ૧૭ મતદારોએ પેન્શનના ડોક્યુમેન્ટસ રજુ કરી મતદાન કર્યુ હતુ. ૧૬ મતદારોએ હેલ્થ ઈન્સ્યોરન્સ રજુ કરી મતદાન કર્યું હતું.

ગ્રામીણ વિસ્તારમાં ૩૫ મતદારોએ મનરેગાનું જોબકાર્ડ ઓળખમાં રજુ કરી મતદાન કર્યુ હતુ તો ૩૪ મતદારોએ બેંકની પાસબુક રજુ કરી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

૭૭૮ મતદારોએ પાનકાર્ડ તો ૨૨૬૧ મતદારોએ ડ્રાયવીંગ લાયસન્સ, ૮૧ મતદારોએ પાસપોર્ટની કોપી રજુ કરી તો ૨૦ મતદારોએ સ્માર્ટકાર્ડ તેમની કચેરી દ્વારા અપાયા હતા તે રજુ કરી લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદાર બન્યા હતા. ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં ૧૦૦ ટકા મતદારો પાસે પંચનુ ઓળખકાર્ડ જે એપિક કાર્ડથી ઓળખાય છે તે છે પણ પંચે જે ૧૮ અન્ય પુરાવા રજુ કરી મતદાનની આપેલ છુટને આધારે વિવિધ પુરાવાઓ સાથે મતદાન કર્યુ હતુ.

## ગાંધીનગર ઉત્તરમાં ક્યાં કેટલુ મતદાન

| | | | |
|---|---|---|---|
| ઉનાવા | ૩૯૩૬ | સેક્ટર-૧૨ | ૧૩૯૬ |
| પીંડાયડા | ૯૮૩ | સેક્ટર-૧૩ | ૪૯૨૪ |
| પીંપળજ | ૧૩૨૫ | સેક્ટર-૧૪ | ૩૮૪૪ |
| વાસણ | ૧૯૧૨ | સેક્ટર-૧૫ | ૧૧૨૦ |
| રૂપાલ | ૩૩૨૦ | સેક્ટર-૧૬ | ૧૦૨૫ |
| રાંધેજા | ૬૭૧૮ | સેક્ટર-૧૭ | ૧૦૨૨ |
| સરઢવ | ૪૧૭૩ | સેક્ટર-૧૯ | ૦૭૮૨ |
| સોનીપુર | ૧૨૩૩ | સેક્ટર-૨૦ | ૧૯૬૨ |
| પેથાપુર | ૧૨,૧૨૯ | સેક્ટર-૨૧ | ૨૧૧૦ |
| કોલવડા | ૬૧૫૯ | સેક્ટર-૨૨ | ૩૫૨૬ |
| જલુંદ | ૧૨૬૧ | સેક્ટર-૨૩ | ૨૩૩૮ |
| આદરજ મોટી | ૫૨૮૫ | સેક્ટર-૨૪ | ૬૭૮૮ |
| વાવોલ | ૭૬૫૯ | સેક્ટર-૨૫ | ૧૫૯૩ |
| ● **ગાંધીનગર શહેર** | | સેક્ટર-૨૬ | ૩૯૮૫ |
| સેક્ટર-૧ | ૧૦૩૪ | સેક્ટર-૨૭ | ૩૫૩૧ |
| સેક્ટર-૨ | ૬૬૫૨ | સેક્ટર-૨૮ | ૩૫૧૬ |
| સેક્ટર-૩ | ૭૫૯૪ | સેક્ટર-૨૯ | ૨૬૯૯ |
| સેક્ટર-૪ | ૫૧૯૨ | સેક્ટર-૩૦ | ૨૩૮૯ |
| સેક્ટર-૫ | ૪૭૪૪ | જી.ઈ.બી. | ૨૪૯૭ |
| સેક્ટર-૬ | ૩૦૦૫ | આદિવાડા | ૧૨૦૮ |
| સેક્ટર-૭ | ૪૪૬૧ | બોરીજ | ૨૧૨૯ |
| સેક્ટર-૮ | ૨૦૯૦ | ઈન્દ્રોડા | ૧૯૩૫ |
| સેક્ટર-૯ | ૦૧૨૮ | ધોળાકુવા | ૨૪૩૩ |

## સંસદીય મતવિસ્તારમાં ક્યાં કેટલુ મતદાન

| નામ | કુલ મતદાર | થયેલ મતદાન | ટકાવારી |
|---|---|---|---|
| ગાંધીનગર (ઉ) | ૨,૪૧,૪૧૧ | ૧,૫૦,૬૨૩ | ૬૨.૩૯ |
| કલોલ | ૨,૩૧,૮૨૪ | ૧,૫૬,૩૬૯ | ૬૭.૪૫ |
| સાણંદ | ૨,૫૪,૧૫૦ | ૧,૮૦,૬૮૪ | ૭૧.૦૯ |
| ઘાટલોડિયા | ૩,૭૬,૧૫૯ | ૨,૫૪,૯૮૦ | ૬૭.૭૯ |
| વેજલપુર | ૩,૪૪,૫૯૬ | ૨,૧૭,૬૦૬ | ૬૩.૧૫ |
| નારણપુરા | ૨,૩૮,૭૧૧ | ૧,૫૧,૮૨૮ | ૬૩.૬૦ |
| સાબરમતી | ૨,૫૮,૨૯૮ | ૧,૬૩,૩૦૪ | ૬૩.૨૨ |
| કુલ | ૧૯,૪૫,૧૪૯ | ૧૨,૭૫,૩૯૪ | ૬૫.૫૭ |

**બેસણું**



અમારા પુત્ર **માધવ નવનીતભાઈ ભટ્ટ** નું તા.૨૪-૦૪-૨૦૧૯ને બુધવારના રોજ દેહવસાન થયેલ છે.

**સદ્દગતનું બેસણું તા.૨૫-૦૪-૨૦૧૯ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : રામેશ્વર મંદિર હોલ, સરકારી પ્રાથમિક શાળા સામે, સેક્ટર-૩/ડી, ગાંધીનગર**

**બ્રીજેશ નવનીતભાઈ ભટ્ટ** **નવનીતભાઈ રમણિકલાલ ભટ્ટ**
**ઉર્મીબેન બ્રીજેશભાઈ ભટ્ટ** **ઉષાબેન નવનીતભાઈ ભટ્ટ**

## ઈન્ફોસીટી, સરગાસણ અને ઉવારસદ ઓવરબ્રિજની ડિઝાઈન તૈયાર

**ડિઝાઇન સર્કલની મંજુરીના અંતે આગામી ૧૫ દિવસમાં કામ શરૂ કરી દેવાશે**

ગાંધીનગર તા ૨૪ ચિલોડા સરખેજ માર્ગનુ કામ પુરજોશમાં શરૂ કરી દેવાયુ છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષી કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. જયારે આ રૂટમાં આવતા ક્રોસ રસ્તા પર ટ્રાફિકની સરળ અવરજવર માટે પણ ઓવરબ્રિજનુ નિર્માણ કરાશે. ચિલોડા સરખેજ રૂટમાં અંદાજિત ૭ ઓવરબ્રિજ બનાવાશે. ઈન્ફોસીટી , સરગાસણ તેમજ ઉવારસદ ઓવરબ્રિજના કામ માટે ડિઝાઈન પણ તૈયાર કરી દેવાઈ છે.જયારે આગામી બે સપ્તાહમાં બ્રિજનુ કામ શરૂ પણ કરી દેવાશે.

સરખેજ ચિલોડા માર્ગનુ કામ હાથ ધરાયુ છે. આ માર્ગને અપગ્રેડ કરવા માટે નવતર આયોજન કરાયુ છે. જયારે રૂટમાં આવતા ક્રોસ જંકશન પર ઓવર બ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવશે. આ રૂટમાં અંદાજિત ૭ જેટલા ઓવર બ્રિજ બનાવાનુ આયોજન કરાયુ છે. આ અન્વયે ઈન્ફોસીટી , સરગાસણ ,અને ઉવારસદ પાસે ઓવરબ્રિજ બનાવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. ઓવરબ્રિજને અનુલક્ષી ડિઝાઈન પણ તૈયાર કરી દેવાઈ છે. જયારે ઓવરબ્રિજના કામને અનુલક્ષી ડિઝાઈન સર્કલ વિભાગને મંજુરી માટે પણ મોકલી દેવામાં આવી છે. આ ડિઝાઈને મંજુરી અપાયા બાદ

● અનુસંધાન પાન-૭ પર

## ચૈત્ર તપતા ગરમીનો મિજાજ આકરો : તાપમાન ૪૧.૮ ડિગ્રીએ

### હવામાન શાસ્ત્રીઓએ પણ અંગારા વરસાવતી ગરમી પડવાની સંભાવના વ્યકત કરી

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં ગરમીનુ જોર વધી રહ્યુ છે. ગરમીનો પારો છેલ્લા ચાર દિવસથી ૪૦ ડિગ્રીને પાર છે. જયારે આજે પણ મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી રહેતા નગરજનોએ સવારથી જ ચામડીને દાહ આપતી ગરમી અનુભવી હતી .ગરમીના લીધે બપોરના સમયે શહેરના જનજીવમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો. હજુ પણ ગરમીનો મિજાજ વધુ ઉગ્ર બનશે તેવી સંભાવના પણ હવામાન નિષ્ણાંતોએ વ્યકત કરી છે. દિવસની આકરી ગરમીનો થાક અને કંટાળો દુર કરવા નગરજનો રાત્રિનિ ઠંડકમાં નગરના સર્કલ વિસ્તાર તેમજ સ્વર્ણિમ પાર્કમાં ટહેલવા નિકળી પડે છે.

ગાંધીનગરમાં ગરમી પ્રકોપ ધીમે ધીમે વધી રહ્યો છે. અગાઉ સર્જાયેલા વાતાવરણ પલ્ટાના અંતે ગરમી ગાયબ થઈ ગઈ હતી.જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ઉંચકાતા ઉનાળો ફરી એકવાર આકરો બન્યો છે. છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર જોવા મળી રહ્યો છે. આજે પણ મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી રહ્યુ હતુ. જેના લીધે નગરજનોએ સવારથી ગરમીનો અહેસાસ કર્યો હતો. આકરી ગરમીના લીધે બપોરના સમયે શહેરના શોપિંગ બજારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. બપોરે અંગ દઝાડતી ગરમીના લીધે શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. જયારે વેકેશનમાં ગરમીની મોસમ નિખરતા શહેરમાં છુટ્ટીઓ તેમજ ગરમીની વિશેષ અસર વર્તાઈ રહી છે. ગરમીનો પારો ઉંચકાતા મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે પણ તફાવત વધી ગયો છે. આગામી દિવસોમાં ગરમી પ્રકોપ વધશે તેવી સંભાવના પણ હવામાન શાસ્ત્રીઓએ વ્યકત કરી

● અનુસંધાન પાન-૭ પર

Craayons Pre-School & Activity center

ADMISSION OPEN 2019-20



VISHESH AFTERNOON BATCH

DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY

Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com